


| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ** | **૦૩/૧૦/૧૭** | | |
| **રજીસ્ટર તારીખ** | **૦૩/૧૦/૧૭** | | |
| **નિકાલ તારીખ** | **૨૯/૦૪/૨૬** | | |
| **સમય અવધી** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | | |

**૮મા અધીક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (કુ. એમ.ડી.જાદવ મેડમ)**
**ની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ ક્રમાંક:–** | **૯૮૯૪/૨૦૧૭** |
| **આંક:–** | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:– | ૭૫/૧૭ |
| પોલીસ સ્ટેશન:– | એ. ડીવી. |
| **ફરિયાદી:–** | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | વિ.એપીપીશ્રી કે. બી. જાડેજા |
| **આરોપી:–** | મુકેશભાઈ સુરેશભાઈ ગોહેલ<br>રહે.સંતકબીર રોડ, ગોકુલ નગર–૧, રાજકોટ. |
| બચાવપક્ષે:– | વ. શ્રી જે એમ પુરોહીત |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૨૭/૩/૧૭ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૨૭/૩/૧૭ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૩/૧૦/૧૭ |
| તહોમતનામુ ઘડયા તારીખ:– | ૧/૭/ ૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૧૫/૭/૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | **૨૯/૦૪/૨૬** |
| **ચુકાદાની તારીખ:–** | **૨૯/૦૪/૨૬** |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |

**–:: આરોપીની વિગત ::–**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતન ો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ– ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુકેશભાઈ સુરેશભાઈ ગોહેલ રહે.સં તકબીર રોડ, ગોકુલ નગર–૧, રાજકોટ. | ૧૧/૯/ ૧૭ | | ઈ પી કોડ કલમ– ૩૨૪ ૫૦૪ તથા જીપીએ ક–૩૭ (૧) ૧૩૫ ૧૧૯ ૧૭૭ મુજબ | નિર્દોષ | –– | –– |

**–:ચુકાદાનું પરિશિષ્ટ:–**

**<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>**
<u>અ. ફરિયાદપક્ષ ના મૌખીક પુરાવા ચુકાદા મુજબ</u>

<u>અ. ફરિયાદપક્ષ ના દસ્તાવેજી પુરાવા ચુકાદા મુજબ</u>

**<u>બ. બચાવપક્ષ</u>**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે સાહેદ ક્રમાક | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી. | ––– |

**<u>ક. અદાલત દ્વારા</u>**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ સાહેદ ક્રમાક | અદાલત દ્વારા પણ કોઈ સાહેદ તપાસેલ નથી. | ––– |

**<u>બ. બચાવ</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

**<u>ક. ન્યાયલય</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u>**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

## –: ઠ રા વ :–

(૦૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૭/૩/૧૭ ના કલાક ૧૨:૦૦ વાગ્યાના અરસામા એસ.ટી.બસ સ્ટેન્ડના ગેઈટ સામે આરોપીએ તેની ઓટોરીક્ષા ટ્રાફીકનાપ્રવાહથી વીરૂધ્ધ દીશામા ટ્રાફીક ના પ્રવાહ સામે ગે.કા રીતે સામેથી પોતાની ઓટોરીક્ષા ચલાવી આવી આકામના ફરીય) સાયકલ લઈ ને આવતા હતા તેની બરાબર સામે રીક્ષા લાવતા ફરી (દીવ્યાગ) હોય બોલી શકતા ન હોય ઈશારાથી રીક્ષાના આગળ ના કાચ મા હાથથી થપાટ મારી આ કામના આરોપી ને રીક્ષા સરખી ચલાવવા નુ કહેતા આરોપીને ન ગમતા આરોપીએ ફરી ને ગાળો આપી ઉશ્કેરાઇ જઇ રીક્ષામા થી લોખડનો પાઇપ કાઢી ફરી ને ડાબા કાન ઉપર માથાના ભાગે લોખડનો પાઈપ મારી ઈજા કરી મ્હે.કમીશ્નરસાહેબ ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી નાશી જઇ આરોપીએ ઈ. પી. કોડ કલમ–૩૨૪, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૩૭(૧),૧ ૩૫, ૧૧૯, ૧૧૭ મુજબનો ગુનો કરેલ જેની ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૦૨)** ત્યારબાદ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા, કોર્ટ દ્વારા આ કામના આરોપી ને સમન્સ કરતા આરોપી  કોર્ટ રૂબરૂ હાજર થતા આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ

**આંક– ૧૬** થી તહોમતનામુ ફરમાવી આરોપી ની **આંક–૧૭** થી પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરી સદર કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને કેસનું કામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવા પર કામ મુલત્વી રાખવામાં આવેલ.

(૦૩) ત્યારબાદ ફરીયાદીપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–: મૌખીક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ દિલીપસીંહ ફતેસીંહ રાણા ની જુબાની | ૧૨ |
| ૨ | સાહેદ રામજીભાઇ હીરજીભાઇ રાઠોડ ની જુબાની | |
| ૩ | સાહેદ નારણભાઇ ચનાભાઇ ભરવાડ ની જુબાની | |
| ૪ | સાહેદ ભાવેશભાઇ દીનેશભાઇ પરમાર ની જુબાની | ૧૮ |
| ૫ | સાહેદ પ્રવીણભાઇ સીદીભાઇ પરમાર ની જુબાની | ૧૯ |
| ૬ | પોલીસ સાહેદ મહેશભાઇ ઇશ્વરભાઇ વસાવા ની જુબાની | ૨૦ |
| ૭ | સાહેદ ડો લીનાબેન કાન્તીભાઇ ચોહાણ ની જુબાની | ૨૩ |
| ૮ | પોલીસ સાહેદ જીલુભાઇ રાણાભાઇ ગરચર ની જુબાની | ૨૭ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૧૩ |
| ૨ | જાહેરનામાની નકલ | ૨૧ |
| ૩ | ઈજાનું સર્ટી | ૨૪ |
| ૪ | બનાવ અંગેની હિસ્ટ્રી બાબતની અરજી | ૨૫ |

| | | |
|---|---|---|
| ૫ | એકસરે રિપોર્ટ | ૨૬ |
| ૬ | એફ આઈ આર | ૨૮ |
| ૭ | અટક પંચનામું | ૨૯ |

(૦૪) ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમા આરોપીએ તેની સામે ના પુરાવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૦૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીના વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૦૬) હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે આત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે ,તા.૨૭/૩/૧૭ ના કલાક ૧૨:૦૦ વાગ્યાના અરસામા એસ.ટી.બસ સ્ટેન્ડના ગેઈટ સામે આરોપીએ તેની ઓટોરીક્ષા ટ્રાફીકનાપ્રવાહથી વીરૂધ્ધ દીશામા ટ્રાફીક ના પ્રવાહ સામે ગે.કા રીતે સામેથી પોતાની ઓટોરીક્ષા ચલાવી આવી આકામના ફરીયાદી સાયકલ લઈ ને આવતા હતા તેની બરાબર સામે રીક્ષા લાવતા ફરી (દીવ્યાગ) હોય બોલી શકતા ન હોય ઈશારાથી રીક્ષાના આગળ ના કાચ મા હાથથી થપાટ મારી આ કામના આરોપી ને રીક્ષા સરખી ચલાવવા નુ કહેતા આરોપીને ન ગમતા આરોપીએ ફરી ને ગાળો આપી ઉશ્કેરાઈ જઈ રીક્ષામા થી લોખડનો પાઈપ કાઢી ફરી ને ડાબા કાન ઉપર માથાના ભાગે લોખડનો પાઈપ મારી ઈજા કરી મ્હે.કમીશ્નરસાહેબ ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી નાશી જઈ આરોપીએ

ઈ. પી. કોડ કલમ–૩૨૪, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૩૭(૧),૧૩૫, ૧૧૯, ૧૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૦૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–**

(૦૯) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની હકીકત સાબીત કરવા માટે આ કામે સૌપ્રથમ આંક–૧૨ થી દિલીપસીંહ ફતેસીંહ રાણા સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, સને ૨૦૧૭ માં પોલીસે ઢેબર રોડ એસ ટી બસ સ્ટેશન બાજુમાં આવેલ કોર્પોરેશનના ઇનગેઇટ સામેના ભાગે રોડ પાસે એક કાગળમાં મને સહી કરવાનું કહેતા મે તેમાં સહી કરી આપેલ. તેમાં શુ લખેલ હતુ તેની મને કોઇ માહીતી નથી. મને કોર્ટ રેક્રડમાંથી તારીખ ૨૭/૦૩/૨૦૧૭ ના કલાક ૦૭.૦૦ વાગ્યાના સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમા પંચ નં ૧ તરીકે મારી સહી છે. જે હુ ઓળખી બતાવુ છુ જે આ આંક-૧૩ આપવામા આવે છે.

સદરહુ સાહેદ ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થતા સરકાર તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે,એ વાત ખરી નથી કે એ ડીવીઝન પો સ્ટે પોલીસે ગુના રજિ નં ૭૫/૧૭ આઇ પી સી કલમ ૩૨૪,૫૦૪, તથા જી પી એક્ટ કલમ ૩૭-૧, ૧૩૫ મુજબના કામે સ્થાનીક

જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય અમોને પોલીસે સમજ કરી અમો સ્વેછાએ લખાવીએ છીએ કે , પોલીસ પાસે એક ઇસમ હાજર છે જેનુ અમો પંચો રુબરુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ભાવિનભાઇ મનસુખભાઇ વીરપરીયા ઢેબર રોડ, કોર્પોરેશન બિલ્ડીંગ દુકાન નં ૧૦ અમર પાન એસ ટી ડેપોની બાજુમા રાજકોટ વાળાઅ હોવાનુ જણાવતા હોય અને બનાવવાળી જગ્યા બતાવતા હોય અને જણાવતા હોય કે આ કામના ફરિ દિવ્યેશભાઇ જનકરાય ભટ્ટ સાઇકલ લઇને આવતા હતા ત્યારે આ કામના આરોપી રીક્ષા નં જિ જે ૦૩ એ ડબ્લ્યુ ૧૪૯૫ નો રીક્ષા ચાલક પોતાની ટ્રાફીક પ્રવાહની સામે ગેરકાયદેસર રીતે સામેથીઇ પોતાની રીક્ષા ચલાવી ફરિયાદી સાઇકલ લઇને આવતા હતા તેની બરાબર સામે રીક્સા લાવતા ફરિયાદી મુંગા હોય ઇશારાથી રીક્ષાના આગળના કાચમાં હાથના ઇશારાથી રીક્ષા સરખી ચલાવવાનુ કહેતા રીક્ષા ડ્રાઇવરને ન ગમતા રીક્ષા ડ્રાઇવરે ફરિયાદીને ગાળો આપી લોખંડનો પાઇપ કાઢી ફરિયાદીને ડાબા કાન ઉપર માથાના ભાગે પાઇપ મારી ઈજા કરી નાસી ગયેલ હોય, બનાવવાળી જગ્યા જોતા સદરહુ જગ્યાએ ડામર રોડ જોવામાં આવે છે, તેમજ સદરહુ જગ્યાએ હાલ વાહન વ્યવહાર ચાલુ છે, તેમજ લોકોની અવરજવર જોવામાં આવે છે, બનાવવાળી જગ્યાએ કોઇ નોંધવા લાયક ચિન્હો જોવામાં આવેલ નહી, અને પોલીસે કંઇ કબ્જે કરેલ નહી, બનાવવાળી જગ્યાની ચતુર્દિશા જોતા ઉતર - દક્ષીણ ઢેબર રોડ જોવામાં આવેલ, પુર્વે ડો આંબેડકર ભવન જોવામાં આવેલ, પશ્ચીમે દક્ષીણની ઉતર તરફ જતો ઢેબર રોડ બાદ ઉર્વે ગેસ્ટ હાઉસ તથા પ્રાઇમ વોકીમર્સ જોવામા આવેલ, આ રીતેનુ વિગતવારનુ સ્થાનીક જગ્યાનુ પંચનામુ અમો પંચો રુબરુ કરી લેવામાં આવેલ અને અમો પંચોના લખાવ્યા મુજબનું ખરુ હોય જે વાચી સમજી અમો પંચોની સહીકરી આપેલ હોય.

(૧૦) ફરિયાદપક્ષે આંક થી સાહેદ રામજીભાઇ હીરજીભાઇ રાઠોડ સોંગદ પર જુબાનીમા જણાવે છે કે, સને ૨૦૧૭ માં એ ડીવી પોલીસે મને ફ ગુના રજી નં ૭૫/૨૦૧૭ ના કામે પુછપરછ માટે બોલાવેલ તેમા ફરિયાદી

દિવ્યેશભાઇ ફરિયાદ બાબતે જણાવેલ કે ફરિયાદી તારીખ ૨૭/૦૩/૨૦૧૭ એસ ટી બસ સ્ટેન્ડ ના કોર્પોરેશનના ગેઇટ સામે સાયકલ લઇને જતા હતા ત્યારે ઓટો રીક્ષા નં જી જે ૦૩ એ ડબ્લ્યુ ૧૪૯૫ ના ચાલકે રોંગ સાઇડમાં આવી ફરિયાદીને સાઇકલ સામે આવતા એ ફરિયાદી બોલી શકતા ન હોય જેથી રીક્ષાના કાચમાં થપાટ મારી રીક્ષા સરખી ચલાવવાનુ કહેતા રીક્ષા ડ્રાઇવરે ફરિયાદીને ગાળો આપી માર મારી ઈજા પહોચાડેલ હોય તે બાબતે મારી પુછપરછ કરતા મે જણાવેલ કે ઉપરોક્ત નંબર વાળી રીક્ષા મે નારણભાઇ ચનાભાઇ ભરવાડ રહે રાજકોટ વાળા પાસેથી લીધેલ અને રીક્ષા મુળ માલીક પાસેથી લેવાની વાત  ચાલતી હતી એ સીવાય બીજી કોઇ વિગત હાલ મને યાદ નથી.

સદરહુ સાહેદ ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થતા સરકાર તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી નથી કે રીક્ષામે મારા ડ્રાઇવરને ચલાવવા આપેલ હોય અને ડ્રાઇવરે મને કોર્પોરેશન ચોક પાસે માથાકુટ થયા બાબતે વાત કરેલ હોય, એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

(૧૧) ફરિયાદપક્ષે આંક-  થી સાહેદ નારણભાઇ ચનાભાઇ ભરવાડ સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, સને ૨૦૧૭ માં એ ડીવી પોલીસે મને ફ ગુના રજી નં ૭૫/૨૦૧૭ ના કામે પુછપરછ માટે બોલાવેલ તેમા ફરિયાદી દિવ્યેશભાઇ ફરિયાદ બાબતે જણાવેલ કે ફરિયાદી તારીખ ૨૭/૦૩/૨૦૧૭ એસ ટી બસ સ્ટેન્ડ ના કોર્પોરેશનના ગેઇટ સામે સાયકલ લઇને જતા હતા ત્યારે ઓટો રીક્ષા નં જી જે ૦૩ એ ડબ્લ્યુ ૧૪૯૫ ના ચાલકે રોંગ સાઇડમાં આવી ફરિયાદીને સાઇકલ સામે આવતા એ ફરિયાદી બોલી શકતા ન હોય જેથી રીક્ષાના કાચમાં થપાટ મારી રીક્ષા સરખી ચલાવવાનુ કહેતા રીક્ષા ડ્રાઇવરે ફરિયાદીને ગાળો આપી માર મારી ઈજા પહોચાડેલ હોય તે બાબતે મારી પુછપરછ કરતા મે જણાવેલ કે ઉપરોક્ત નંબર વાળી રીક્ષામે રેખાબેન જયંતિભાઇ ચૌહાણ રહે રાજકોટ વાળા પાસેથી લીધેલ અને રામજીભાઇ વિરજીભાઇ રાઠોડ નાઓને આપેલ હતી અને રામજીભાઇને મુળ માલીક

પાસેથી ખરીદવાની વાત ચાલતી હતી  અને રીક્ષા ફાયનાંસમાથી લીધેલ હોય જેના કાગળો ફાયનાંસની ઓફીસે પડેલ હોય એટલે થોડીવાર લાગેલ અને રિક્ષા રામજીભાઇને આપેલ હતી.

(૧૨) ફરિયાદપક્ષે આંક-૧૮ થી સાહેદ ભાવેશભાઇ દીનેશભાઇ પરમાર સોગંદ પર જુબાનીમા જણાવે છેકે,  સને ૨૦૧૭ માં  પોલીસે ઢેબર રોડ એસ ટી બસ સ્ટેશન બાજુમાં આવેલ નીતીન ઈલેકટ્રીકની દુકાનમાં કામ કરતો હતો  ત્યારે બહાર કોઇ અકસ્માત થયેલ હોય તે બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી પરંતુ હુ મારિ દુકાનમા હોય જેથી અકસ્માત બાબતે હુ કશુ જાણતો ન હતો. આ અકસ્માત બાબતે પોલીસે મારુ નિવેદન લીધેલુ.

સદરહુ સાહેદ ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થતા સરકાર તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે,  એ વાત ખરી નથી કે ગઇ તારીખ 27/03/2017 ના બપોરના બારેક વાગ્યાના અરસામા ઉપરોક્ત જણાવેલ દુકાને હાજર હતો ત્યારે ઢેબર રોડ ઉપર બસ સ્ટેન્ડ પાસેથી બસ સ્ટેશનના કોર્પોરેશન પાસેના ગેઇટ પાસે એક સાઇકલ વાળા ભાઇ જતા હતા ત્યારે સામેથી એક રીક્ષા નં જી જે 03 એ ડબ્લ્યુ 1495 સામેથી રોંગ સાઇડમા આવી સાયકલ વાળાની નજીક આવી ગયેલ અને સાયકલ વાળા ભાઇ મુંગા હોય અને સાયકલ નીચે ઉતરી ગયેલ અને રીક્ષાવાળાને ઈસારાથી કહેલ અને રીક્ષામા એકપેસેન્જર બેઠેલ હતો રીક્ષાવાળા એ આ સાયકલ વાળા ભાઇને જેમ ફાવે તેમ ગાળો આપેલ અને રીક્ષામાંથી એક લોખંડનો પાઇપ કાઢી સાયકલ વાળા ભાઇને માથાના ડાબી બાજુના કાન ઉપર ના ભાગે પાઇપ મારી દીધેલ જેથી આ ભાઇને માથામાંથી લોહી નીકળવા લાગેલ અને ત્યા ઘણા બધા માણસો ભેગા થઈ જતા આ રીક્ષાવાળો નાસી ગયેલ અને , કોઇએ ૧૦૮ ને ફોન કરતા થોડીવારમાં ૧૦૮ આવી જતા આ સાયકલવાળા ભાઇનુ નામ પુછતા આ ભાઇ મુંગા હોવાથી નામ જાણવા મળેલ નહી, પોલીસે રુબરુ આવતા આ બનાવની જાણ કરતા આ ભાઇએ પોલીસ ફરિયાદ કરેલ છે અને તેનુ નામ દિવ્યેશભાઇ જનકરાય ભટ્ટ રહે બોલબાલા ટ્રસ્ટ લક્ષ્મીવાડી રાજકોટ વાળો

હોવાનુ જણાવેલ, આ કામના આરોપીને અમો જોયેથી ઓળખી શકીએ નહી.

સદરહુ સાહેદ આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, હુ બનાવ બાબતે કોઇ બાબત જાણતો નથી, એ સીવાય બનાવ બાબતની મને કોઇ અંગત જાત માહીતી નથી.

(૧૩) ફરિયાદપક્ષે આંક-૧૯ થી સાહેદ પ્રવીણભાઇ સીદીભાઇ પરમાર સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, સને ૨૦૧૭ માં હુ રીક્ષા ચલાવતો હતો અને એસ ટી બસ સ્ટેન્ડ પાસે રીક્ષા રાખી ભાડા કરતો હતો ત્યારે અકસ્માત થયેલ હોય તે બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી પરંતુ હુ મારી રિક્ષામા હોય જેથી અકસ્માત બાબતે હુ કશુ જાણતો ન હતો. આ અકસ્માત બાબતે પોલીસે મારુ નિવેદન લીધેલુ.

સદરહુ સાહેદ ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થતા સરકાર તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી નથી કે ગઇ તારીખ 27/03/2017 ના બપોરના બારેક વાગ્યાના અરસામા બસ સ્ટેન્ડ પાસે હુ મારી રીક્ષા પાસે હાજર હોય ત્યારે ઢેબર રોડ ઉપર બસ સ્ટેન્ડ પાસેથી બસ સ્ટેશનના કોર્પોરેશન પાસેના ગેઇટ પાસે એક સાઇકલ વાળા ભાઇ જતા હતા ત્યારે સામેથી એક રીક્ષા નં જી જે 03 એ ડબ્લ્યુ 1495 સામેથી રોંગ સાઇડમા આવી સાયકલ વાળાની નજીક આવી ગયેલ અને સાયકલ વાળા ભાઇ મુંગા હોય અને સાયકલ નીચે ઉતરી ગયેલ અને રીક્ષાવાળાને ઇસારાથી કહેલ અને રીક્ષામા એકપેસેન્જર બેઠેલ હતો રીક્ષાવાળા એ આ સાયકલ વાળા ભાઇને જેમ ફાવે તેમ ગાળો આપેલ અને રીક્ષામાંથી એક લોખંડનો પાઇપ કાઢી સાયકલ વાળા ભાઇને માથાના ડાબી બાજુના કાન ઉપર ના ભાગે પાઇપ મારી દીધેલ જેથી આ ભાઇને માથામાંથી લોહી નીકળવા લાગેલ અને ત્યા ઘણા બધા માણસો ભેગા થઇ જતા આ રીક્ષાવાળો નાસી ગયેલ અને , કોઇએ ૧૦૮ ને ફોન કરતા થોડીવારમાં ૧૦૮ આવી જતા આ સાયકલવાળા ભાઇનુ નામ પુછતા આ ભાઇ મુંગા હોવાથી નામ જાણવા મળેલ નહી, પોલીસે રુબરુ આવતા આ

બનાવની જાણ કરતા આ ભાઇએ પોલીસ ફરિયાદ કરેલ છે અને તેનુ નામ દિવ્યેશભાઈ જનકરાય ભટ્ટ રહે બોલબાલા ટ્રસ્ટ લક્ષ્મીવાડી રાજકોટ વાળો હોવાનુ જાણવા મળેલ, આ કામના આરોપીને અમો જોયેથી ઓળખી શકીએ નહી.

સદરહુ સાહેદ આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, હુ બનાવ બાબતે કોઇ બાબત જાણતો નથી, એ સીવાય બનાવ બાબતની મને કોઇ અંગત જાત માહીતી નથી.

(૧૪) ફરિયાદપક્ષે આંક–૨૦ થી પોલીસ સાહેદ મહેશભાઈ ઈશ્વરભાઈ વસાવા સોગંદ પર જુબાનીમાં જણાવે છે કે, હાલ હુ પોલીસ કમિશ્નર કચેરિ એસ ઓ જી શાખામા સને ૨૦૨૪ થી ફરજ બજાવુ છુ અને ફરજમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી દ્ધારા રીડર શાખા મારફતે જે જે જાહેરનામા બહાર પાડતા હોય છે તે જાહેરનામા સંબંધી કામગીરી કરુ છુ, રાજકોટ શહેર પો કમિશ્નર સાહેબશ્રી અનુપમસિહ ગહલોત સાહેબે તેઓને મળેલ સતા ની રુએ રાજકોટ શહેર હકુમત વિસ્તારમાં જિગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેચાણ કરવા તેમજ સુલેહ શાંતીનો ભંગ ન થાય તે બાબતનુ જાહેરનામુ ક્રમાંક નં એસ બી / જાહેરનામુ / ૫૭૩/૨૦૧૭ તારીખ ૧૮/૦૨/૨૦૧૭ ના રોજ બહાર પાડેલ, આજ રોજ મને ઉપરોક્ત જાહેરનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમા રાજકોટ પોલીસ કમિશ્નર સાહેબશ્રી અનુપમસિંહ ગહલોત સાહેબની સહી છે જે ઓળખી બતાવુ છુ જેમા તેઓની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે આ કામે રજુ દાખલ આંક-૨૧આપવામા આવે છે.

સદરહુ સાહેદ આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે રજુ કરેલ પત્ર અને અધિકાર પત્રમા અમોએ સહી કરેલ નથી.

(૧૫) ફરિયાદપક્ષે આંક-૨૩ થી સાહેદ ડો. લીનાબેન કાન્તીભાઈ ચોહાણ સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, હુ ગઇ તારીખ ૨૭/૦૩/૨૦૧૭ ના રોજ બપોરે ૧૨/૨૫ કલાકે રાજકોટ સીવીલ હોસ્પીટલ ખાતે ઇમરજન્સી ડ્યુટી ઉપર હાજર હતી ત્યારે દિવ્યેશભાઈ જે ભટ્ટ ઉ. વ ૪૫ રહે રાજકોટ વાળાને

મારામારીમાં ઈજા થતા ૧૦૮ એમબ્યુલન્સ દ્રારા લઈ આવવામાં આવેલ. દિવ્યેશભાઈએ ઘણા વર્ષોથી મૌન ધારણ કરેલ હોવાથી પોતાના હાથે લખીને હિસ્ટ્રી જણાવેલ હતી, તેમને લેખીતમાં જણાવેલ કે તારીખ ૨૭/૦૩/૨૦૧૭ ના રોજ રીક્ષા નં જી જે ૦૩ એ ડબ્લ્યુ ૧૪૯૫ માંથી ઓટો રીક્ષા વાળા ભાઈએ રીક્ષામાંથી ઉતરીને રાજકોટ બસ સ્ટેન્ડ પાસે પાઈપ અથવા લાકડી વડે માર મારેલ હતો. તેઓ પોતે સંપુર્ણ સભાન અવસ્થામાં હતા અને તેમને તપાસતા નીચે મુજબની ઈજા જોવામાં આવેલ. ઈજા નંબર ૧ તેમને ખોપરીના પાછળના ભાગે ૨*૧*૦.૫ સેમી સી એલ ડબ્લ્યુ પ્રકારનો ઘા હતો. તારીખ ૨૭/૦૩/૨૦૧૭ ના રોજ દર્દિને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરીને સારવાર આપવામાં આવેલ, તે દિવસે તેના પાડવામાં આવેલા એકરે નંબર ૨૫૭૬૧ પ્રમાણે તેમના છાતીના ભાગે, ખોપરીના ભાગે, તથા પેટના ભાગનો રીપોર્ટ નોર્મલ હતો. તે દિવસે તેમના છાતી અને પેટની સોનોગ્રાફીનો રીપોર્ટ નોર્મલ હતો. તારીખ ૨૭/૦૩/૨૦૧૭ ના રોજ સાંજે ૦૭/૧૫ કલાકે દિવ્યેશભાઈ ડોકટરની સલાહ વિરુધ્ધ હોસ્પિટલ છોડીને જતા રહેલ હતા. આજ રોજ સારવાર સર્ટીફીકેટ ની કાર્બન કોપી રજુ રાખુ છુ જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક-૨૪ આપવામાં આવે છે. દિવ્યેશભાઈ ભટ્ટે બનાવ અંગેની હિસ્ટ્રી તેમના હાથથી લખીને આપેલી જે અસલ રજુ રાખુ છુ જે રજુ દાખલ આંક -૨૫ આપવામાં આવે છે. દિવ્યેશભાઈને આપવામાં આવેલ સારવાર તથા પાડવામાં આવેલ એકસરે વિગેરે દસ્તાવેજો રજુ રાખુ છુ જે સંયુકત રજુ દાખલ આંક-૨૬ આપવામાં આવે છે.

(૧૬) ફરિયાદપક્ષે આંક–૨૭ થી પોલીસ સાહેદ જીલુભાઈ રાણાભાઈ ગરચર સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, સને ૨૦૧૭ માં મારી નોકરી એ ડીવીઝન પો સ્ટેમાં એ એસ આઈ તરીકે હતી. અને તે વર્ષમાં ફરિયાદી દિવ્યેશભાઈ ભટ્ટનાઓએ ઓટો રીક્ષા નંબર જી જે ૦૩ એ ડબ્લ્યુ ૧૪૯૫ ના ચાલક સામે ફરિયાદ નોંધાવેલ. જેમાં આરોપીની રીક્ષા ટ્રાફીકના પ્રવાહથી વિરુધ્ધ ચલાવી અને ફરિયાદીને સાઈકલ લઈને આવતા હોય જે

સામે આવતા અને ફરિયાદી મુંગા હોય ઈશારાથી રીક્ષાના આગળના કાચને હાથથી થપાટ મારી રીક્ષા સરખી ચલાવવાનુ કહેતા રીક્ષા ચાલકે ઉશ્કેરાઈ જઈ રીક્ષામાંથી લોખંડનો પાઇપ કાઢી ફરિયાદીને ડાબા કાન ઉપર તથા માથાના ભાગે મારી પો કમિશ્નર શ્રી ના હથિયારબંધિના જાહેરનામાનો ભંગ કરેલ હોય તે અંગેની વિગતવારની ફરિયાદ ફરિયાદીએ એ એસ આઈ એસ એન મકવાણા નાઓ રુબરુ આપેલી. જે ફરિયાદ દાખલ થઇ આગળની તપાસ તેઓને સોંપવામાં આવેલી અને તેઓ સ્થાનીક જગ્યાનુ પંચનામુ તથા સાહેદોના નિવેદનો તેના રુબરુનાં લીધેલા. બાદમાં આગળની તપાસ અમોને સોંપાતા અમોએ આ કામે સાહેદ રેખાબેન, નારણભાઈ, તથા રામજીભાઈ ના નિવેદનો મારી રુબરુના લીધેલા અને આ કામના આરોપી મુકેશભાઇને પંચનામાની વિગતે અમોએ અટક કરેલા. આજરોજ મને એફ આઈ આર ની ખરી નકલ બતાવવામાં આવે છે જેમા પી એસ ઓ અનિતાબેનની સહી છે જે ઓળખી બતાવુ છુ જે ખરી આ કામે રજુ દાખલ આંક-૨૮ આપવામાં આવે છે. આજરોજ મને તારીખ ૧૧/૦૯/૨૦૧૭ ના અટક પંચનામાની ખરી નકલ બતાવ્વામાં આવે છે જેમાં રુબરુમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક-૨૯ આપવામાં આવે છે. અમારી તપાસમાં તથા અગાઉની તપાસમાં આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવેલ હોય જેથી નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. આજરોજ મને કોર્ટ રેકર્ડમાંથી ફરિયાદી દિવ્યેશભાઇ જનકરાય ભટ્ટ નુ મુદત તારીખ ૨૨/૧૨/૨૦૨૨ નુ સમન્સ બતાવવામાં આવે છે જે સાહેદ જણાવેલ સરનામે મળી આવેલ નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે જે આ કામે રજુ દાખલ આંક-૩૦આપવામાં આવે છે. તથા મુદત તારીખ ૦૧/૦૭/૨૦૨૪ તથા ૦૫/૦૮/૨૦૨૪ તથા ૦૪/૧૦/૨૦૨૪ નુ સમન્સ/વોરંટ બતાવવામાં આવે છે જે જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે જે આ કામે રજુ દાખલ આંક-૩૧ થી ૩૩ આપવામાં આવે છે. તથા મુદત તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નુ સમન્સ સાહેદ જણાવેલ સરનામે મળી આવેલ નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે જે આ કામે રજુ દાખલ આંક -૩૪ આપવામાં આવે છે.  આજરોજ મને કોર્ટ

રેકર્ડમાંથી સાહેદ રેખાબેન જયન્તીભાઇ ચૌહાણનુ મુદત તારીખ ૩૦/૦૫/૨૦૨૫ તથા ૦૧/૦૮/૨૦૨૫ નુ સમન્સ બતાવવામાં આવે છે જે સાહેદ જણાવેલ સરનામે મળી આવેલ નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે જે આ કામે રજુ દાખલ આંક-૩૫ થી ૩૬ આપવામાં આવે છે. તથા ફરિયાદી દિવ્યેશભાઇ ભટ્ટ તથા રેખાબેન ચૌહાણનુ મુદત તારીખ ૨૬/૦૬/૨૦૨૫ તથા ફરિ મુદત તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નુ વોરંટ તેઓ જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે જે આ કામે રજુ દાખલ આંક ૩૭ થી ૩૮ આપવામાં આવે છે. તથા ફરિયાદી દિવ્યેશભાઇ ભટ્ટ તથા રેખાબેન ચૌહાણનુ મુદત તારીખ ૨૬/૦૬/૨૦૨૫ તથા ફરિ મુદત તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નુ વોરંટ તેઓ જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે જે આ કામે રજુ દાખલ આંક -૩૯ થી ૪૦ આપવામાં આવે છે. **આમ ઉપરોક્ત ફરિયાદી તથા સાહેદ તપાસ કરતા મળી આવતા નથી અને ભવિષ્યમાં મળી આવવાની કોઇ શકયતા જણાઇ આવતી નથી.**

સદરહુ સાહેદ આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યા વાહનો તથા માણસોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે આ કામના આરોપી વિરુધ્ધ ટ્રાફીકના નિયમોનો ભંગ કરેલ હોય તેવી ફરિયાદ થયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સમયે હુ હાજર ન હતો. એ વાત ખરી છે કે સદર કેસમાં તપાસ સીવાયની અન્ય કોઇ કામગિરી અમોએ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામની ફરિયાદ અમારા રુબરુ આપેલ નથી. એ વાત ખરી નથી કે અમારી સારી કામગિરી બતાવવા ખોટી ફરિયાદના આધારે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા નામદાર કોર્ટમાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૭) આમ, આ કામે રજુ થયેલ પુરાવાની હકીકતો જોવામાં આવે તો હાલના કામે આંક–૧૨ થી તપાસેલ પંચ સાહેદ દિલીપસીંહ ફતેસીંહ રાણા નો પુરાવો જોવામા આવે તો એસ ટી બસ સ્ટેશન બાજુમાં આવેલ

કોર્પોરેશનના ઈનગેઈટ સામેના ભાગે રોડ પાસે  એક કાગળમાં સહી કરવાનું કહેતા તેમાં સહી કરી આપેલ તેમાં શુ લખેલ હતુ તેની મને કોઈ માહીતી નથી તે જોતા સદરહુ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષે મદદરુપ બનતો નથી તેમજ ફરિયાદપક્ષે સાહેદ રામજીભાઈ હીરજીભાઈ રાઠોડ નો પુરાવો જોતા ફરિયાદીએ લખાવેલ ફરિયાદ મુજબનો પુરાવો બનાવ સબંધે ની હકીકત સરતપાસમા જણાવેલ છે પરંતુ ઉલટ તપાસ જોતા રીક્ષા મે મારા ડ્રાઈવરને ચલાવવા આપેલ હોય અને ડ્રાઈવરે મને કોર્પોરેશન ચોક પાસે માથાકુટ થયા બાબતે વાત કરેલ હોય તે બાબતનો ઈન્કાર કરેલ છે. આથી તેમનો પુરાવો ફરિયાદપક્ષે મદદરુપ બનતો નથી. વધુમા ફરિયાદપક્ષે આંક  ૧૮ થી સાહેદ સાહેદ ભાવેશભાઈ પરમારનો પુરાવો જોતા બનાવ બાબતે અંગત કાઈ જાણતો નથી તેમજ બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાવેલ છે. તેમજ આંક-૧૯ થી સાહેદ પ્રવીણભાઈ સીદીભાઈ પરમાર નો પુરાવો જોતા  અકસ્માત બાબતે હુ કશુ જાણતો નથી તેમ પુરાવો આપેલ છે આથી તેમનો પુરાવો પણ ફરિયાદપક્ષે મદદરુપ બનતો નથી.  તેમજ આંક–૨૦ થી પોલીસ સાહેદ મહેશભાઈ વસાવાનો પુરાવો જોતા જાહેરનામામાં અનુપપસીંહ ગેહલોતની સહી હોવાનું ઓળખી બતાવે છે પરંતુ રજુ કરેલ પત્રમા સહી કરેલ નથી તેમ જણાવે છે. વધુમા આ કામે આંક–૨૭ થી પોલીસ સાહેદ જીલુભાઈ રાણાભાઈ નો પુરાવો જોવામા આવે તો  પંચનામા તેમની રૂબરુ કરવામા આવેલ તેમ જણાવે છે પરંતુ આ કામે પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેમજ ફરિયાદી અને અન્ય સાહેદો ની આ કામે તપાસ કરવા છતા મળી આવેલ નથી અને ભવિયષ્મા મળી આવે તેમ નથી તેમ પણ જણાવે છે તે જોતા સદરહુ સાહેદનો પુરાવો પણ મદદરુપ બનતો નથી. આ કામે  બનાવની ફરિયાદ આપનાર ફરિયાદી તેમજ મહત્વના સાહેદો મળી આવેલ નથી તેમજ આ કામે આંક ૨૭ થી તપાસેલ તપાસ કરનાર અધિકારી

ની જુબાની જોતા તેઓ પોતાની ફરજના ભાગરૂપે કરેલી કાર્યવાહી સોગંદ પર જુબાનીમા જણાવે છે પરંતુ આ કામે કરવામાં પ્રોસેસ મુજબના સાહેદો મળી આવેલ નથી તેમ સોગંદ પર જુબાનીમા જણાવે છે તેમજ મળી આવે તેવી કોઈ શકયતા નથી તેમ પણ રેકર્ડ ઉપર જણાવે છે તેમજ સદરહુ તમામ પ્રોસેસ આંકે પડેલ છે જે પ્રોસેસ આંક ૩૦ થી ૪૦ મુજબ રજુ થયેલ છે તે જોતા હાલના કામે સદરહુ કેસ ઘણો જુનો હોય તેમજ સાહેદો મળી આવતા ન હોય તેમ ખુદ ત.ક.અ. શ્રી જણાવે છે તેમજ પ્રોસેસ મુજબના સાહેદો મળી આવતા ન હોવાના કારણે પુરાવાના અભાવે ફરિયાદપક્ષ આરોપી સામેનો તહોમત મુજબનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબર–૧ "નકારમાં" નિર્ણિત કરી મુદ્દા નંબર–ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડ કલમ–ર૪૮ (૧) અન્વયે ઈ. પી. કોડ કલમ–૩ર૪, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૩૭(૧),૧૩૫, ૧૧૯, ૧૧૭ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

આ કામે આરોપીએ આપેલ અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આજ તારીખ ર૯, માહે એપ્રિલ સને ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં ચુકાદો વાંચી સંભળાવી જાહેર કર્યો.
રાજકોટ.

તા.ર૯ / ૦૪/ર૬

(**મિતલબેન દિલીપસિંહ જાદવ**)
૮મા અધિક જયુડી.મેજી.ફ.ક.,
**રા જ કો ટ.**
**UIC NO.GJ01746**